કબજા વગરનો બાનાખતનો કરાર

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે કુડાસણની સીમના બ્લોક નંબર-૧૧૪ ની ૪૫૧૮ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૫ ની ૪૫૧૯ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૬ ની ૩૫૭ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૭ ની ૫૨૩૨ ચોરસમીટર, બ્લોક નંબર-૧૫૭ ની ૯૫૨ ચોરસમીટર તથા બ્લોક નંબર-૧૫૮ ની ૮૩૨ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૬૪૧૦ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૬ (કુડાસણ-સરગાસણ-ધોળાકુવા-પોર) માં સમાવેશ થતા તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૭ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૮ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૯ ની ૨૩૨ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૫૦ ની ૩૪૦૧ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૭૯ ની ૬૧૯ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૮૦ ની ૫૪૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૦૬૬૭ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ ‘‘શીવાલય પરીસર’’ ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર-........માં આવેલ .... ફલોરના ફલેટ નંબર-........... ની આશરે .... ચોરસવાર (કારપેટ એરીયા) યાને કે ....ચોરસવાર (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકતનો કબજા વગરનો બાનાખતનો કરાર.

એકતરફવાળા : ‘‘એસ.આર ઈન્ફ્રાકોન’’

લખી આપનાર

એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર :-
અમિતભાઈ સાકળચંદ પટેલ
પુખ્ત ઉંમરના, ધંધો વેપાર, ધરમે હિન્દુ,
રહેવાસી :- ૫, રામકુટીર બંગલોઝ, વસંતવિહાર ટાવરની બાજુમાં, ડફનાળા રોડ, શાહીબાગ, અમદાવાદના.

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં અમો એકતરફવાળા અગર લખી આપનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં અમો એકતરફવાળા લખી આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, હોદ્દેદારો, સભ્યો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

બીજીતરફવાળા : ....

લખાવી લેનાર

પુખ્ત ઉંમરના, ધંધો-વેપાર, ધર્મે હિન્દુ,
રહેવાસી :- ....
....

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં તમો બીજીતરફવાળા અગર લખાવી લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનાર તથા તમારા વંશ, વાલી, વારસો સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે કુડાસણની સીમના બ્લોક નંબર-૧૧૪ ની ૪૫૧૮ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૫ ની ૪૫૧૯ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૬ ની ૩૫૭ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૭ ની ૫૨૩૨ ચોરસમીટર, બ્લોક નંબર-૧૫૭ ની ૯૫૨ ચોરસમીટર તથા બ્લોક નંબર-૧૫૮ ની ૮૩૨ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૬૪૧૦ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૬ (કુડાસણ-સરગાસણ-ધોળાકુવા-પોર) માં સમાવેશ થતા તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૭ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૮ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૯ ની ૨૩૨ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૫૦ ની ૩૪૦૧ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૭૯ ની ૬૧૯ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૮૦ ની ૫૪૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૦૬૬૭ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ ''શીવાલય પરીસર'' ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર-........માં આવેલ .... ફલોરના ફલેટ નંબર-........... ની આશરે .... ચોરસવાર (કારપેટ એરીયા) યાને કે ....ચોરસવાર (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકત અમો એકતરફવાળાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની બોજારહીત મીલકત છે. આ મીલકત રેવન્યુ રેકર્ડમાં અમો એકતરફવાળાના સ્વતંત્ર નામે ચાલે છે જેને હવે પછી આ બાનાખતના કરારમાં ''સદરહુ મીલકત'' એ રીતે સંબોધવામાં આવેલ છે.

મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૭૧/૧૫/વશી.૧૫૦૩૩ થી ૧૫૦૪૭/૨૦૧૫ થી તારીખ ૨૫-૬-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૧૪ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૭ ની કુલ ૨૯૩૭

ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૭૩/૧૫/વશી.૧૫૧૬૬ થી ૧૫૧૭૯/૨૦૧૫ થી તારીખ ૨૫-૬-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૫૮ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૮૦ ની કુલ ૫૪૧ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ શારદાબેન તે ગોવિંદભાઈની વીધવા ઔરત, ગીતાબેન તે ગોવિંદભાઈની દીકરી તે સુરેશભાઈની પત્નિ, હિતેષભાઈ ગોવિંદભાઈ, મીનાબેન તે ગોવિંદભાઈની દીકરી તે ભગવતપ્રસાદની પત્નિ, ભગવતીબેન ઉર્ફે ભુમીકાબેન ગોવિંદભાઈની દીકરી તે વિનોદકુમારની પત્નિ તથા તુષારભાઈ ગોવિંદભાઈ પાસેથી બ્લોક નંબર-૧૧૪ તથા ૧૫૮ ની જમીન અમો એકતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે.ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૫૯૧૭ થી તારીખ ૦૩-૦૧-૨૦૧૫ ના રોજથી નોંધાયેલ છે.

મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૭૩/૧૫/વશી.૧૫૦૯૩ થી ૧૫૧૦૬/૨૦૧૫ થી તારીખ ૨૫-૬-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૧૫ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૮ની કુલ ૨૯૩૭ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૮૩/૧૫/વશી.૧૬૩૪૯ થી ૧૬૩૬૨/૨૦૧૫ થી તારીખ ૧૦-૭-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૫૭ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૭૯ ની કુલ

૬૧૯ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ મણીલાલ આત્મારામ પ્રજાપતિ, શારદાબેન મણીલાલ પ્રજાપતિ, જ્યોત્સનાબેન મણીલાલ પ્રજાપતિ, મનિષાબેન મણીલાલ પ્રજાપતિની દિકરી તે ધનેશકુમાર ધુળદાસ પ્રજાપતિની પત્ની તથા અશોકભાઈ મણીલાલ પ્રજાપતિ પાસેથી બ્લોક નંબર-૧૧૫ તથા ૧૫૭ ની જમીન અમો એકતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે.ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૭૮૧૫ થી તારીખ ૧૫-૧૨-૨૦૧૫ ના રોજથી નોંધાયેલ છે.

મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૭૨/૧૫/વશી.૧૧૧૫૨ થી ૧૧૧૬૫/૨૦૧૫ થી તારીખ ૨૫-૬-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૧૬ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૯ ની કુલ ૨૩૨ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ ધુળીબેન આત્મારામ, ચંપાબેન આત્મારામ, સવિતાબેન આત્મારામ, મણીલાલ આત્મારામ, દેવજીભાઈ કચરાભાઈ, નાનજીભાઈ કચરાભાઈ, શારદાબેન તે ગોવિંદભાઈની વીધવા ઔરત, ગીતાબેન તે ગોવિંદભાઈની દીકરી તે સુરેશભાઈની પત્નિ, હિતેષભાઈ ગોવિંદભાઈ, મીનાબેન તે ગોવિંદભાઈની દીકરી તે ભગવતપ્રસાદની પત્નિ, ભગવતીબેન ઉર્ફે ભુમીકાબેન ગોવિંદભાઈની દીકરી તે વિનોદકુમારની પત્નિ, તુષારભાઈ ગોવિંદભાઈ, સીતાબેન જોઈતાભાઈ, ઈશ્વરભાઈ જોઈતાભાઈ, ડાહ્યાભાઈ જોઈતાભાઈ, કોકીલાબેન તે જોઈતાભાઈની દીકરી તે બળદેવભાઈની પત્નિ, અશોકભાઈ પ્રહલાદભાઈ, અરવિંદભાઈ પ્રહલાદભાઈ તથા પલ્લવીબેન તે પ્રહલાદભાઈની દીકરી તે રાજેન્દ્રકુમારની પત્નિ પાસેથી બ્લોક નંબર-

૧૧૬ ની જમીન અમો એકતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે.ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૦૪૧૭ થી તારીખ ૨૮-૦૭-૨૦૧૫ ના રોજથી નોંધાયેલ છે. આ વેચાણ દસ્તાવેજમાં હીરાબેન તે કચરાભાઈ કરશનભાઈની દીકરી તે કાંતીભાઈની પત્નિ, ગુજરનાર શકરીબેન તે કચરાભાઈની દીકરી તે શીવાભાઈની પત્નિના વારસદારો : જીતુભાઈ નટવરભાઈ, ગૌરાંગ નટવરભાઈ, જયશ્રીબેન તે નટવરભાઈ શીવાભાઈની દીકરી, નિમિષાબેન તે નટવરભાઈ શીવાભાઈની દીકરી, ઘનશ્યામભાઈ શીવાભાઈ તથા કૈલાસબેન તે શીવાભાઈની દીકરીએ ત્રીજીતરફવાળા કન્ફરમીંગ પક્ષકાર તરીકે સામેલ થઈને તેઓની સહીઓ મત્તા તથા કબુલાત કરેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં કાયમિ સંમતિ આપેલ છે.

મે. કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/જમીન/બિ.ખે./એસ.આર.૮૪/૧૫/વશી.૧૬૨૬૫ થી ૧૬૨૭૮/૨૦૧૫ થી તારીખ ૧૦-૭-૨૦૧૫ નારોજના હુકમના આધારે બ્લોક નંબર-૧૧૭ ની જમીનને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૫૦ ની કુલ ૩૪૦૧ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.

ત્યારબાદ દેવજીભાઈ કચરાભાઈ તથા નાનજીભાઈ કચરાભાઈ પાસેથી બ્લોક નંબર-૧૧૭ ની જમીન અમો એકતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે.ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૫૮૩૭ થી તારીખ ૦૩-૧૧-૨૦૧૫ ના રોજથી નોંધાયેલ છે. આ વેચાણ દસ્તાવેજમાં હીરાબેન તે કચરાભાઈ કરશનભાઈની દીકરી તે કાંતીભાઈની પત્નિ તથા ગુજરનાર શકરીબેન તે કચરાભાઈની દીકરી તે શીવાભાઈની પત્નિના વારસદારો : જીતુભાઈ નટવરભાઈ, ગૌરાંગ નટવરભાઈ, જયશ્રીબેન તે નટવરભાઈ શીવાભાઈની દીકરી, નિમિષાબેન

તે નટવરભાઈ શીવાભાઈની દીકરી, ઘનશ્યામભાઈ શીવાભાઈ તથા કૈલાસબેન તે શીવાભાઈની દીકરી તથા રમેશભાઈ દેવજીભાઈ પ્રજાપતિ, કૈલાસબેન તે રમેશભાઈ દેવજીભાઈની અ.સૌ.પત્નિ, ચિંતન રમેશભાઈ પ્રજાપતિ, સ્નેહાબેન તે ચિંતન રમેશભાઈની અ.સૌ.પત્નિ, કમળાબેન નાનજીભાઈ પ્રજાપતિ, અમીતભાઈ નાનજીભાઈ પ્રજાપતિ, અતુલભાઈ નાનજીભાઈ પ્રજાપતિ, જયેશભાઈ નાનજીભાઈ પ્રજાપતિ, ભગવતીબેન તે નાનજીભાઈની દીકરી તે સેંધાભાઈ પ્રજાપતિની પત્ની તથા ભાવનાબેન તે નાનજીભાઈની દીકરી તે ગોવીંદભાઈની પત્નિએ ત્રીજીતરફવાળા કન્ફરમીંગ પક્ષકાર તરીકે સામેલ થઈને તેઓની સહીઓ મત્તા તથા કબુલાત કરેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં કાયમિ સંમતિ આપેલ છે.

ત્યારબાદ મહે.નગર નિયોજક, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) ના પત્રક્રમાંક નંબર-પીઆરએમ/કુડાસણ/૭૭/૦૮/૨૦૧૫/૬૬૯/૨૦૧૬ થી તારીખ ૦૫-૦૨-૨૦૧૬ ના રોજના હુકમના આધારે ફાઈનલ પ્લોટ નંબર-૪૭ થી ૫૦, ૭૯ તથા ૮૦ ની જમીનમાં રહેણાંકના હેતુ સારૂ પ્લાન મંજુર કરવામાં આવેલ.

નીચે પરિશિષ્ટ-એ માં જણાવેલ સદરહુ મીલકત કુલ રૂા........... અંકે રૂપિયા .... પુરામાં અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તે પેટે તમોએ અમોને સદરહુ મિલકતની કુલ વેચાણ કિંમત પૈકી ૧૦% રકમ નીચે મુજબની વિગતે બાના તથા અવેજ પેટે ચુકવેલ છે.

રૂા.................... અંકે રૂપિયા .... પુરા .... બેંક, ... શાખા, અમદાવાદના ચેક નંબર- .... થી તારીખ .... ના

રોજના ચેકથી તમો બીજીતરફવાળાએ અમો
એકતરફવાળાને ચુકવી આપેલ છે.

રૂા.................... અંકે રૂપિયા .... પુરા

ઉપરોકત દર્શાવેલ રીતે રૂા. .... અંકે રૂપિયા .... પુરા બાના તથા અવેજ પેટે અમો એકતરફવાળાને ચુકવી આપેલ છે જેની પહોંચ અમો એકતરફવાળા કબુલ કરીએ છીએ અને આ રકમ વેચાણ દસ્તાવેજ વખતે અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને મજરે આપવાની છે.

આ બાનાખતની શરતો નીચે મુજબ નક્કી કરેલ છે :

૧. આ બાનાખતની મુદત આજથી માસ-...... (......) સુધીની નક્કી કરેલ છે.

૨. સદરહુ મિલકતની કુલ કિંમતમાં બાંધકામની કિંમત, વગર વહેંચાયેલ જમીનની કિંમત, બાલ્કની, પાર્કિંગ તથા સ્કીમની તમામ કોમન સુવિધાઓની કિંમતનો સમાવેશ થઈ ગયેલ છે.

૩. સદરહુ મિલકતની બાકી રહેતી કિંમત તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને નીચેની વિગતે ચૂકવી આપવાની રહેશે.

(એ) રૂા................./- અંકે રૂપિયા .... પુરા તારીખ .... ના રોજ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચૂકવી આપવાના રહેશે.

(બી) રૂા................./- અંકે રૂપિયા .... પુરા તારીખ .... ના રોજ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચૂકવી આપવાના રહેશે.

(સી) રૂા................../- અંકે રૂપિયા ....
પુરા તારીખ .... ના રોજ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચૂકવી આપવાના રહેશે.

(ડી) રૂા................../- અંકે રૂપિયા ....
પુરા તારીખ .... ના રોજ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચૂકવી આપવાના રહેશે.

(ઈ) રૂા................../- અંકે રૂપિયા ....
પુરા તારીખ .... ના રોજ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચૂકવી આપવાના રહેશે.

૪. સદરહુ મિલકતને લગતા તથા સદરહુ સ્કીમને લગતા નીચેના તમામ ડોક્યુમેન્ટો તમો બીજીતરફવાળાએ જોઈ તપાસી લીધેલ છે. જે નીચે મુજબ છે.

(એ) યોજનાની જમીનના સને ૧૯૫૧-૫૨ થી ૭/૧૨ ના ઉતારા, હક્કપત્રક-૬ ની તમામ એન્ટ્રીઓ, ૮-અ.

(બી) યોજનાની જમીનના તમામ જુના દસ્તાવેજો.

(સી) બિનખેતીની મંજુરી

(ડી) બાંધકામ કરવા અંગેના પ્લાન તથા રજાચિઠ્ઠી

(ઈ) ફાયર સેફટીની મંજુરી તથા લીફટનું લાયસન્સ

(એફ) ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ

ઉપરોક્ત તમામ દસ્તાવેજી પુરાવાઓ અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને ચકાસવા આપેલ છે અને ઉપરોક્ત તમામ ડોક્યુમેન્ટોની તમો બીજીતરફવાળાએ તથા તમારા એડવોકેટે પૂરતી ચકાસણી કરેલ છે અને ત્યારબાદ

તમો બીજીતરફવાળાએ સદરહુ મિલકત વેચાણ લેવાનું નક્કી કરેલ છે.

૫. સદરહુ સ્કીમનું એડવોકેટશ્રી શરદ એન. દરજીએ તારીખ .... ના રોજ ટાઈટલ રીપોર્ટ આપેલ છે તેની નકલ અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આપેલ છે. આ ટાઈટલ રીપોર્ટ તમો બીજીતરફવાળાએ તમારા એડવોકેટ મારફતે જોઈ તપાસી લીધેલ છે અને ટાઈટલ્સમાં તમો બીજીતરફવાળાને કોઈ વાંધો કે તકરાર નથી.

૬. સદરહુ મિલકતનું બાંધકામ પૂર્ણ થયા બાદ તથા સદરહુ મિલકતની બી.યુ. પરમીશન આવી ગયા બાદ સદરહુ મિલકતની પૂરેપૂરી વેચાણ કિંમત તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાને ચૂકવી આપો ત્યારે સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને કરી આપવાનો રહેશે અને વેચાણ દસ્તાવેજ વખતે સદરહુ મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સોંપવાનો રહેશે.

૭. સદરહુ સ્કીમના તમામ સભ્યોએ ભેગા મળીને મેઈન્ટેન્સ સોસાયટીની રચના કરવાની રહેશે અને આ મેઈન્ટેન્સ સોસાયટીમાં દરેક સભ્યએ મેમ્બર થવું ફરજીયાત છે તથા સોસાયટીના તમામ નીતિ-નિયમોનું તમો બીજીતરફવાળાએ પાલન કરવાનું રહેશે તથા સોસાયટીના નિભાવખર્ચ સારૂ સોસાયટી મેઈન્ટેન્સની જે રકમ નક્કી કરે તે રકમ દસ્તાવેજ કરતા પહેલા તમો બીજીતરફવાળાએ સોસાયટીમાં જમા કરાવવાની રહેશે.

૮. આ બાનાખતમાં દર્શાવેલ મીલકતની કુલ કિંમતમાં જમીનની કિંમત તથા બાંધકામની કિંમતનો જ સમાવેશ થયેલ છે તેથી

મેઈન્ટેન્સ ડિપોઝીટ, ટોરેન્ટ પાવર ખર્ચ, લીગલ ચાર્જ, એ.એમ.સી ચાર્જ, સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી તથા વખતો વખતના સરકારી ટેક્ષો તથા એકસ્ટ્રા વર્ક અંગેનો તમામ ચાર્જ તમો બીજીતરફવાળાએ અલગથી ચુકવી આપવાનો રહેશે જેનો ઉપરોકત કિંમતમાં સમાવેશ થતો નથી.

૯. સદરહુ મિલકતનું બાંધકામ એનેક્ષર-સી માં દર્શાવેલ સ્પેસીફીકેશન મુજબ અમો એકતરફવાળાએ પૂર્ણ કરવાનું રહેશે પરંતુ ધરતીકંપ, હડતાલ, પુર, કુદરતી હોનારત, માલસામાનની તંગી, સરકારી નિતિ-નિયમોમાં થતા ફેરફારોને કારણે બાંધકામ ઉપરોકત મુદતમાં પૂર્ણ ના થઈ શકે અને બાંધકામ વિલંબથી પૂર્ણ થાય તો તમો બીજીતરફવાળાએ કોઈ વાંધો કે તકરાર ઉઠાવવાના નથી.

૧૦. સદરહુ સ્કીમમાં ઉપયોગમાં લેવામાં આવતાં તમામ યાંત્રિક સાધનો જેવા કે, લીફટ, બોર, મોટર, પ્રેશર પંપ તથા ઈલેકટ્રીકસીટીના કેબલ્સ તથા અન્ય કેબલ્સ તથા લાઈટ ફીટીંગ્સ ઈત્યાદી તમામ અમો એકતરફવાળા દ્વારા સારી કપંનીના નાંખવાના છે તેથી આવા કોઈપણ યંત્રને થતું નુકશાન કે તેના લીધે થતો અકસ્માત તે અમો એકતરફવાળા દ્વારા કરવામાં આવતું નુકશાન કે અકસ્માત નથી તેથી તે અંગે ભવિષ્યમાં અમો એકતરફવાળા કે અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામની સામે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કે ફરીયાદ કરી શકશે નહી. જે અંગે તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાને પાકી ખાતરી અને બાંહેધરી આપે છે.

૧૧. સદરહુ મિલકત ઉપર તમો બીજીતરફવાળા કોઈપણ નાણાંકીય સંસ્થા, બેંકમાંથી લોન મેળવવા ઈચ્છો તો તે અંગે જરૂરી લોન માટેના કાગળો અમો એકતરફવાળાએ તમો

બીજીતરફવાળાને સોંપેલા છે પરંતુ લોન પાસ કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની છે એટલું જ નહી પરંતુ કોઈ સંજોગોમાં તમારી લોન પાસ ન થાય તો તેવા સંજોગોમાં આ કરારમાં નક્કી થયેલ પેમેન્ટના હપ્તાના સમયમાં કોઈ ફેરફાર થશે નહી.

૧૨. તમો બીજીતરફવાળા આ બાનાખતના કરારથી વેચાણ રાખવાનું નક્કી કરેલ મિલકતમાં જો કોઈ એકસ્ટ્રા વર્ક એટલે કે સ્કીમના સ્પેસીફીકેશન સિવાયનું અગર સ્પેસીફીકેશનથી અલગ અગર વેચાણ આપવાનું નક્કી કરેલ મિલકતના સ્પેસીફીકેશનથી અલગ કોઈપણ કામ કરાવવા ઈચ્છતા હોય તો તેવા સંજોગોમાં તેવા એકસ્ટ્રા વર્કની જે કાંઈપણ રકમ થતી હોય તે રકમની ચૂકવણી તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને આ બાનાખતના કરારની મુદતમાં ચૂકવી આપવાની છે અને જો કોઈ સંજોગોમાં આવી ચૂકવણી તમો બીજીતરફવાળા ઉપરોક્ત મુદતમાં ન કરો તો તેવા સંજોગોમાં અમો એકતરફવાળા સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપીશું નહી અને આવો વેચાણ દસ્તાવેજ આવા એકસ્ટ્રા વર્કની રકમની ચૂકવણી બાદ જ કરી આપશે. વળી જો તમો બીજીતરફવાળા આવી એકસ્ટ્રા વર્કની રકમ નક્કી થયેલ સમય મર્યાદામાં ન ચૂકવી આપે તો તેવા સંજોગોમાં આ બાનાખતનો કરાર આપો-આપ રદબાત્તલ થયેલ ગણવાનો છે.

૧૩. વધુમાં આથી બંને પક્ષકારો સમંત રાખે છે કે, જો અમો એકતરફવાળા આ બાનાખતમાં નક્કી થયેલ શરતો મુજબનું વર્તન કરેલ હોય અને યોજનાનું બાંધકામ સારી રીતે ચાલુ રાખેલ હોય અને તે સામે તમો બીજીતરફવાળાએ અગાઉ નક્કી થયા મુજબના હપ્તાઓમાં જે બાકીની રકમની ચૂકવણી

કરવાની હોય તે ચૂકવણી કરવામાં વિલંબ કરે અગર તમો બીજીતરફવાળા તેવા હપ્તાનો અવેજ ન ચૂકવો તો તેવા સંજોગોમાં અમો એકતરફવાળા વધારાના ૧૫ (પંદર) દિવસની રાહ જોશે તેને મોરીટોડીયમ (વધારાનો સમય) ગણવાનો છે અને તેમ છતાં જો તમો બીજીતરફવાળા આવો હપ્તો ચૂકવવામાં નિષ્ફળ જાવ તો સદરહુ બાનાખત રદ્દ થયેલ ગણવાનું રહેશે અને તે માટે અલગથી કોઈ કાર્યવાહી કરવાની રહેશે નહી જે બંને પક્ષકારો આથી કબુલ રાખે છે પરંતુ જો તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાને વાર્ષિક ૧૮% લેખે ગણતા માસિક ૧.૫૦% નું વ્યાજ ચૂકવી આપવા તૈયાર હોય અને તે અંગેની લેખિત સંમતિ લખી આપે તો તેવા હપ્તાની મુદ્દત નક્કી થયેલ હપ્તાની તારીખના ડીફોલ્ટ ૧ માસ (૩૦ દિવસ) સુધીની રહેશે અને ત્યારેપણ જો તમો બીજીતરફવાળા આવી રકમની ચૂકવણી વ્યાજ સહિત ન કરી શકો તો આ બાનાખત આપો-આપ રદ્દ થયેલ ગણવાનું છે અને અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને ચૂકવેલ રકમ પરત ચૂકવવાની છે અને તે રકમની કુલ નક્કી થયેલ અવેજની રકમના ૧૦% (ટર્મીનેશન ચાર્જીસ) રકમ ફોરફીટ કરવા હક્કદાર છે અને જે અંગે તમો બીજીતરફવાળાએ કોઈપણ તકરાર કરવાની રહેશે નહી અને આવી ટર્મીનેશન ચાર્જીસની રકમ બાદ કર્યા બાદ જો તમો બીજીતરફવાળા બાકી રહેતી રકમ અમો એકતરફવાળા પાસેથી ૧ (એક) માસમાં લેવા નહી આવો તો અમો એકતરફવાળા આવી રકમ પોતાની પાસે વગર વ્યાજ મૂકી રાખીશું અને ત્યારબાદ તમો બીજીતરફવાળા જ્યારે પણ માંગશો ત્યારથી ૧ (એક) માસમાં ચૂકવી આપવા બંધાયેલ છીએ તેવા સંજોગોમાં અમો એકતરફવાળા ફક્ત ૧ (એક) માસ (૩૦ દિવસ) ના

૧.૫૦% લેખેનું વ્યાજ ચૂકવી આપવા માટે બંધાયેલા છે.

૧૪. સદરહુ યોજનામાં બુકીંગ કરાવતા સમયે જે નિતિ-નિયમો તમો બીજીતરફવાળાને જણાવવામાં આવેલ છે તે તમામ નિતિ-નિયમો તથા ભવિષ્યમાં બનનાર નિતિ-નિયમો તમો બીજીતરફવાળાને હરહંમેશ કબુલ, મંજુર તથા બંધનકર્તા છે અને રહેશે અને આ તમામ શરતો તથા યોજનાનાં અને યોજના અંગે ભવિષ્યમાં બનનાર વહીવટીય માળખાના નિતિ-નિયમોને દરેક ફલેટ ધારકોએ ચુસ્તપણે આધિન રહેવાનું છે.

૧૫. આથી તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાને આથી ખાત્રી અને બાંહેધરી આપે છે કે...

(એ) તેઓ પોતાના વેચાણ રાખવાનું નક્કી કરેલ ફલેટનું તથા સદરહુ સમગ્ર યોજનાનું મેઈન્ટેનન્સ પોતાના સ્વખર્ચે અને જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં વરાડે પડતા ખર્ચે ખૂબજ સારી રીતે કરવાનું છે અને સદરહુ યોજના સંકુલ અને પોતાના ફલેટ ચોખ્ખા રાખશે તેમજ તેનો વપરાશ ઉપયોગ પ્રવર્તમાન કાયદા મુજબ કરશે તેમજ સદરહુ ફલેટમાં ભવિષ્યમાં વેચાણ દસ્તાવેજ થયા બાદ કોઈપણ પ્રકારના જવલંત, જલદીથી સળગી ઉઠે તેવા પદાર્થ, એસીડીક પદાર્થ તેમજ માનવજાત તથા વાતાવરણને આપત્તિરૂપ હોય કે નુકશાનકારક હોય તેવો કોઇ ચીઝવસ્તુનો સંગ્રહ કરશે નહી કે રાખશે નહી.

(બી) વધુમાં, તમો બીજીતરફવાળાના ફલેટમાં આવેલ રસોડું, બાથરૂમ, ટોયલેટ, બાલ્કની કે અન્ય કોઈપણ જગ્યાએ કે જ્યાં પાણીનો ઉપયોગ થવાનો હોય તેવી તમામ જગ્યા ઉપર પાણી લીકેજ ન થાય તે જોવાની સંપૂર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની છે અને

પાણી તે સહેલાઈથી છટકી જાય તેવો પદાર્થ છે જેથી તમો બીજીતરફવાળાએ વેચાણ રાખવાનું નક્કી કરેલ ફલેટનું ભવિષ્યમાં યોગ્ય મેઈન્ટેનન્સ કરવામાં ન આવે તો અન્ય સહમાલિકોને અથવા સહફલેટ હોલ્ડરોને નુકશાન થવાનો સંભવ છે જેથી યોજનાના કોમન બીમ, સ્ટ્રકચર વિગેરેને નુકશાન થવાનો સંભવ છે જેથી આ જણાવ્યા પ્રમાણે અન્ય કોઈપણ રીતે ભવિષ્યમાં તમો બીજીતરફવાળાની કોઈપણ પ્રકારની બેદરકારીના લીધે કોઈપણ પ્રકારનું નુકશાન સદર ફલેટ કે યોજનાને થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની છે અને તેવા સંજોગોમાં આવુ રીપેરીંગ, મેઈન્ટેનન્સ તમો બીજીતરફવાળાએ પોતાના સ્વખર્ચે કરી/કરાવડાવી લેવાનું રહેશે.

(સી) વધુમાં, તમો બીજીતરફવાળાએ વેચાણ દસ્તાવેજ થયા બાદ સદરહુ મિલકતમાં સરકાર માન્ય વિમા કંપની દ્વારા જરૂરી વિમો સ્વખર્ચે ફરજીયાતપણે ઉતરાવી લેવાનો રહેશે.

(ડી) વધુમાં, તમો બીજીતરફવાળાએ વેચાણ રાખવાનું નક્કી કરેલ ફલેટમાં કે સદરહુ સમગ્ર યોજનાના કોઈપણ ભાગમાં અન્ય સભ્યોને કે આજુબાજુની સોસાયટીમાં રહેતા લોકોને ન્યુસન્સ કે એનોયન્સ થાય તેવી કોઈ પ્રવૃતિ તમો બીજીતરફવાળાએ કરવાની રહેશે નહી.

(ઈ) વધુમાં, સદરહુ યોજના અંગે તમો બીજીતરફવાળા દ્વારા વહીવટીય ફાળો, મેઈન્ટેનન્સની રકમો, ઈલેકટ્રીક ચાર્જીસ ઈત્યાદી જેવા ફાળાની કે ખર્ચની

ઉઘરાણી કરવામાં આવે તો તેવી ઉઘરાણી તમો બીજીતરફવાળાએ ઉઘરાણી કર્યાના ૧૫ દિવસમાં ચૂકવી આપવાની છે.

૧૬. અમો એકતરફવાળા સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ ફક્ત તમો બીજીતરફવાળાના નામનો જ કરી આપીશું અને તમો બીજીતરફવાળા કોઈપણ સંજોગોમાં પોતાના નામમા અમો એકતરફવાળાની મંજુરી વગર ફેરફાર કરી શકશે નહી.

૧૭. વેચાણ આપનારની ઉત્તમ જાણ મુજબ સદરહુ યોજનાની જમીન કે તેના ઉપર આવેલ સમગ્ર બાંધકામ એટલે કે યોજનાના સમગ્ર સંકુલ ઉપર કે તેના કોઈપણ ભાગ સામે કોઈપણ જ્યુડીશીયલ ઓથોરીટી કે કવાસી જ્યુડીશીયલ ઓથોરીટે કે નામદાર કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ કોઈપણ દાવા-દુવી કે લીટીગેશનો ચાલતાં નથી કે પેન્ડીંગ નથી.

૧૮. સદરહુ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, ટાઈપીંગ, નકલ ફી, વકીલ ફી વિગેરે તમામ ખર્ચ તમો બીજીતરફવાળાએ ભોગવવાનો છે.

૧૯. આ બાનાખતના કરાર અંગે કોઈપણ કારણસર કોઈપણ પ્રકારનો મતભેદ કે તકરાર ઉપસ્થિત થાય તો કોર્ટમાં જવાનું નથી પરંતુ તેનો નિકાલ ધી આરબીટ્રેશન એન્ડ કોન્સિલેસન એક્ટ ૧૯૯૬ હેઠળ તથા તે અનુસંધાને થયેલ સુધારા વધારાઓ અનુસંધાને અમદાવાદ મુકામે ગુજરાતી અગર અંગ્રેજી ભાષામાં કરવાનો રહેશે અને આવો લવાદ દ્વારા લેવાયેલ નિર્ણય છેવટનો ગણાશે અને બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

૨૦. સદરહુ મીલકત અમો એકતરફવાળાએ કોઈને કોઈપણ પ્રકારે લખી આપેલ નથી કે સદરહુ મીલકતમાં બીજા કોઈનો હક્ક, હિસ્સો કે હીત સંબંધ નથી સદરહુ મીલકત ઉપર અમોએ કોઈ બોજો કે ગીરો કરેલ નથી.

પરીશિષ્ટ-એ

મિલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે કુડાસણની સીમના બ્લોક નંબર-૧૧૪ ની ૪૫૧૮ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૫ ની ૪૫૧૯ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૬ ની ૩૫૭ ચોરસમીટર, બ્લોક નંબર-૧૧૭ ની ૫૨૩૨ ચોરસમીટર, બ્લોક નંબર-૧૫૭ ની ૯૫૨ ચોરસમીટર તથા બ્લોક નંબર-૧૫૮ ની ૮૩૨ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૬૪૧૦ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૬ (કુડાસણ-સરગાસણ-ધોળાકુવા-પોર) માં સમાવેશ થતા તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૪૭ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૮ ની ૨૯૩૭ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૪૯ ની ૨૩૨ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૫૦ ની ૩૪૦૧ ચોરસમીટર, ફાઈનલ પ્લોટ નંબર-૭૯ ની ૬૧૯ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૮૦ ની ૫૪૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૧૦૬૬૭ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ ''શીવાલય પરીસર'' ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર-........માં આવેલ .... ફલોરના ફલેટ નંબર-........... ની આશરે .... ચોરસવાર (કારપેટ એરીયા) યાને કે ....ચોરસવાર (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકત તથા તેને ફાળે આવતી વગર વહેંચાયેલ .... ચોરસમીટર જમીન સહિતની મિલ્કત જેના ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પુરવે :-

પશ્ચીમે :-

ઉત્તરે :-

દક્ષીણે :-

એ રીતે ઉપર મુજબનો આ બાનાખતનો કરાર અમો એકતરફવાળાએ અમારી રાજીખુશીથી વાંચી, સમજી, વિચારી, અક્કલ હોંશિયારીથી તનમનના સાવધાનપણામાં વિચારીને કર્યો છે તે અમો એકતરફવાળા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તે સહી છે.

આજ તારીખ , માહે જુલાઈ, સને ૨૦૧૭ ના દિને.

એકતારફવાળા-લખી આપનાર :-

"..................'' એ નામની ભાગીદારી
પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા
ભાગીદાર : ....

તેઓએ પોતાની સહી નીચે સહી કરનાર
બે સાક્ષીઓની રૂબરૂમાં કરેલી છે.

(૧) ....

(૨) ....

પરીશિષ્ટ-બી

યુનિટ ફલોર પ્લાન

એનેક્ષર-એ

૧. મંજુર થયેલ પ્લાન
૨. બાંધકામની રજાચિઠ્ઠી

એનેક્ષર-બી

પ્રોજેકટનું રેરા (RERA) હેઠળ મંજુર થયેલ સર્ટીફીકેટ

એનેક્ષર-સી

યુનિટ અંગે આપવાનું નક્કી થયેલ સ્પેસીફીકેશનનું લિસ્ટ તથા એમેનીટીઝનું લિસ્ટ.

રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૨(એ) મુજબનું પરિશિષ્ટ.

એકતરફવાળા-લખી આપનારની સહી તથા ફોટો

‘‘એસ.આર ઈન્ફ્રાકોન’’ એ નામની ભાગીદારી

પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા

ભાગીદાર :- અમિતભાઈ સાકળચંદ પટેલ

....

બીજીતરફવાળા-લખાવી લેનારની સહી તથા ફોટો

....

દસ્તાવેજ નંબર .... તારીખ...................

પરીશીષ્ટ

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો

અનુ.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
૧.	લેખમાં દર્શાવ્યા મુજબ ગામ મોજે મોટેરાની સીમના ફા.પ્લોટ નંબર-૪૭ થી ૫૦, ૭૯ તથા ૮૦ ની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે ''શીવાલય પરીસર'' ના નામથી ઓળખાય છે તેમા આવેલ ફલેટ નંબર-........... ની મિલકતનો બાનાખતના કરારનો લેખ કરી આપેલ છે ?	
૨.	લેખમાં દર્શાવ્યા મુજબ .... ચોરસવાર (કારપેટ એરીયા) ની બાંધકામવાળી મીલક્ત માટે લેખ કરી આપેલ છે ?	
૩.	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે.?	
૪.	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે સહી / અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	
૫.	પાવર ઓફ એટર્નની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ?	
૬.	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિઓએ સહી/અંગુઠાનું નીશાન કરેલ છે ?	
૭.	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	
૮.	ઓળખણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ?	

ઓળખાણ આપનારને પૂછવાના પ્રશ્નો ?

૧.	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ?	
૨.	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એકજ છે ?	
૩.	કોઈ વ્યક્તિએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	

એકતરફવાળા-વેચાણ આપનાર :-

''એસ.આર ઈન્ફ્રાકોન'' એ નામની ભાગીદારી

પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા

ભાગીદાર :- અમિતભાઈ સાકળચંદ પટેલ ....

સાક્ષીઓ :- (૧)...................... (૨).......................